# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH PROG-1

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસ દરમિયાન અમદાવાદમાં સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ તરફથી વર્ષ 2024-25ના પુનઃમુદ્રિત થઈ રહેલા 24 પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું, ગોવર્ધનરામ ત્રિપાઠી, હેમચંદ્રાચાર્ય, નર્મદ, નરસિહ મહેતા, ઝવેરચંદ મેઘાણી, સુંદરમ જેવા મહાન લોકો એ આપણી ભાષાને મહાન ગુજરાતી ભાષા સુધી પહોંચાડી છે. આ યાત્રા અખંડ રહેશે.

અગાઉ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ બુદ્ધિસાગર સૂરિશ્વરજી મહારાજની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે સ્મારક સિક્કાનું વિમોચન કર્યું હતું.

આ તકે કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉપસ્થિત જૈનાચાર્યો અને ગુરુભગવંતોના આશીર્વાદ પ્રાપ્ત કરી સમગ્ર આયોજન બદલ બુદ્ધિવાણી ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા.આ અવસરે  મુખ્યમંત્રીએ જણાવ્યું કે આઝાદીના અમૃતકાળમાં શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિશ્વરજી મહારાજે ચીંધેલો અને સિંચેલો માર્ગ વિકસિત ભારતની આધારશિલા બનશે.

**(BYTE: AMIT SHAH)**

આ ઉપરાંત શ્રી શાહ એ.ડી.સી. બેન્કની સ્થાપનાના 100 વર્ષની ઉજવણી નિમિત્તે યોજાનારા સ્વર્ણિમ્ શતાબ્દી મહોત્સવના સમાપન સમારોહમાં, અને બાર કાઉન્સિલ ઑફ ગુજરાત દ્વારા યોજાનારા નવા નોંધાયેલા વકીલોના શપથગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેશે.

# AMIT SHAH PROG-2

સાથે જ શ્રી શાહ ગાંધીનગરમાં S.A.G. દ્વારા નિર્માણ પામનારા પેરા-હાઈપર્ફોર્મન્સ સેન્ટરના ભૂમિપૂજન અને ડિજિટલ સેવા પોર્ટલના લૉન્ચિંગ કાર્યક્રમમાં જોડાશે. બાદમાં શ્રી શાહ શાશ્વત મિથિલા ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત ભવનના લોકાર્પણ અને કવિ કોકિલ વિદ્યાપતિની મૂર્તિના અનાવરણ પ્રસંગમાં ઉપસ્થિત રહેશે.

# NIMU BEN

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ ભાવનગરથી નમો સખી સંગમ મેળાનો પ્રારંભ કરાવ્યો.

આ પ્રસંગે શ્રીમતી બાંભણીયાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દરેક ક્ષેત્રમાં મહિલા  આગળ વધી રહી છે. નમો ડ્રોન  દીદી, કૃષિ સખી બેન્ક સખી યોજનાનો લાભ મહિલાઓને મળી રહ્યો છે. શ્રીમતી બાંભણીયાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પિન્ક રિક્ષા ચલાવી પગભર થયેલી  મહિલાઓને  અભિનંદન પાઠવ્યા હતા.

**(BYTE : NIMUBEN BAMBHANIYA,MINISTER)**

# DANG DARBAR

ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતો ડાંગ દરબાર મેળાનો આજથી આરંભ થયો છે. ડાંગ જિલ્લા કલેકટર કચેરીના પટાંગણથી ડાંગના પાંચ રાજવીશ્રીઓનું સન્માન કરી બગીમાં બેસાડી નગર ભ્રમણ કરાયું. આ રથનું મંત્રી કુંવરજી હળપતિ, સાંસદ ધવલ પટેલ, ગુજરાત વિધાનસભાના નાયબ દંડક વિજય પટેલે લીલીઝંડી  આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ડાંગ જિલ્લાના મુખ્ય મથક ખાતે આજથી ચાર દિવસ સુધી ચાલનારા આ મેળામાં મોટી સંખ્યામાં લોકો જોડાશે.

# LOK ADALAT

રાજ્યમાં યોજાયેલી લોક અદાલતોમાં કુલ 4 લાખ 37 હજાર જેટલા પ્રિ-લિટીગેશન કેસોમાં સમાધાન કરાયું. અને 75 કરોડ 39 લાખ રૂપિયાના ચુકાદા અપાયા હતા. રાજ્યની અદાલતોમાં પેન્ડિંગ દાંપત્ય જીવનને લગતી 2 હજાર 761 તકરારોનો પણ લોક અદાલતથી અંત આવ્યો હતો. આ ઉપરાંત કંસીલીએશનની વ્યવસ્થાના કારણે 10 વર્ષ જૂના 823 કેસોનો નિવેડો આવ્યો હતો.

બીજી તરફ , અમદાવાદ સિટી કોર્ટ ખાતે લોક અદાલત યોજાઇ. જેમાં મોટર અકસ્માત, દિવાની દાવાઓ, ચેક પરતને લગતી તકરારો, માત્ર દંડને શિક્ષાપાત્ર કેસો, દાંપત્ય જીવનને લગતી તકરારો તથા ઔધોગિક તકરારોના 7 લાખ કેસોનો સુખદ નિરાકરણ આવ્યું અને આશરે રૂપિયા 2 હજાર 743 કરોડ વળતરના ચુકાદા અપાયા.

# MAHISAGAR PAANI

મહીસાગર જિલ્લાના લુણાવાડા અને વીરપુર તાલુકાના ઠેસિયા ભલાડા આઠથી વધુ ગામના તળાવ પાણીથી ભરાશે. જેથી લુણાવાડાના અછતગ્રસ્ત વિસ્તારમાં ખેડૂતોને શિયાળુ અને ઉનાળુ પાકને લાભ થશે. અગાઉ ઉનાળો આવતા જ આ ગામોમાં પાણીની તંગી સર્જાતી હતી જેના કારણે ખેડૂતો માત્ર ચોમાસા આધારિત ખેતી કરી શકતા હતા આ અંગે ખેડૂતોની માંગને લઈ સરકારમાં રજુઆત કરાતા લુણાવાડાના સ્વરૂપ સાગર તળાવમાંથી અછતવાળા વિસ્તારમાં પાણી ભરવાની મંજૂરી મળી છે.

# INTERNATIONAL WOMEN’S DAY

રાજ્યભરમાં ગઈકાલે આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. તે અંતર્ગત પાટણ જિલ્લામાં મહિલાઓ માટે કાનૂની - આધ્યાત્મિક અને 21મી સદીની આધુનિક મહિલા વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો.

પંચમહાલના ગોધરામાં લાલબાગ બસ મથક ખાતે મહિલા કન્ડક્ટરોનું સન્માન કરાયું.

બીજી તરફ ડાંગના આહવામાં સિવિલ હોસ્પિટલ ખાતે દીકરી વધામણા કીટ અને વ્હાલી દિકરી યોજના અંતર્ગત મંજૂરી હુકમ વિતરણ કરાયું હતું.

છોટાઉદેપુરના ડુંગરવાંટ ગામમાં ગ્રામ પંચાયતનાં સરપંચ ડોક્ટર બીનાબેન રાઠવાને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયાં હતાં.

વડોદરાની ઔદ્યોગિક તાલીમ સંસ્થા - દશરથ ખાતે મહિલા દિવસના ઉપલક્ષ્યમાં વિવિધ ટ્રેડની મહિલા તાલીમાર્થીઓએ વક્તૃત્વ, ચિત્ર સહિતની સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

# ICC CHAMPIONS TROPHY CRICKET FINAL

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટની ફાઇનલ મેચ આજે ભારત અને ન્યૂઝીલૅન્ડ વચ્ચે દુબઈમાં રમાઈ રહી છે. જેમાં ન્યુઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા મળતા અહેવાલ અનુસાર ન્યુઝીલેન્ડે એક ઓવરમાં વિના વિકેટે ચાર રન કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ભારતે આ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી તમામ મેચ જીતી છે. ખાસ આજની ફાઇનલ મેચને લઈને ભારતીય ક્રિકેટપ્રેમીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)